	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૩૧/૦૩/૨૦૨૨ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૫૭૭/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૪	૧	૧૩૫	૪૧૩	૦	૪૧૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૭	૧	૧૦૦૬૮૮	૧૦૯૫૯૧	૦	૧૦૯૫૯૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૦	૪,૬૭,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩	૧૩,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન (૧)

મિલકત તથા શરીર સંબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર તથા શાહીબાગ પો.સ્ટે. વિસ્તારમાં ચોરી, લુંટ તથા મારામારીના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે વિપુલ ઉર્ફે વિક્કી ઉર્ફે હોનજી ધના સ/ઓ જયચંદભાઈ જાતે પટણી(મેસણીયાવાળા) ઉ.વ.૨૦ રહે. બાપાલાલ ધાંચીની ચાલી, કદમેશ્વર હનુમાન સામેની ગલીમાં, ઈન્દિરાનગરના છાપરા, ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) શાહીબાગ પો.સ્ટે. પાર્ટ-A-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૧૨૦૧૦૮૩/૨૦૨૦ ઈપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-A-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૧૨૦૩/૨૦ ઈપીકો કલમ ૩૭૯A(૩), ૧૧૪ મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-A-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૬૨૪/૨૦૨૧ ઈ.પી.કો કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૪) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-A-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૨૦૧૨૩/૨૦૨૨ ઈ.પી.કો કલમ ૩૯૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૩૦૦/૨૦૨૨ તા.૩૦/૦૩/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૩૦/૦૩/૨૦૨૨ કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે મોકલી આપેલ છે.તા.૩૦/૦૩/૨૦૨૨

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ. વી.એ.હરકટ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



મેઘાણીનગર પોલીસ સ્ટેશન (૨)

મિલકત તથા શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર તથા વાડજ વિસ્તારમાં મારામારી તથા મિલકત સબંધી ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે નિલકંઠ ઉર્ફે નિલ સ/ઓફ ખોડીદાસ જાતે પટણી(માનવાળા) ઉ.વ.૨૨ રહે.ખોડીયારનગર, પાંડવવાળી, કુંભાજીની ચાલી, રામેશ્વર બ્રીજ નીચે, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) વાડજ પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૩૨૧૨૧૦૨/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૮૪, ૩૮૭, ૧૧૪ મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૨૦૧૨૮/૨૦૨૨ ઈ.પી.કો. કલમ ૩૦૭, ૨૯૪(ખ) તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૩૦૧/૨૦૨૨ તા.૩૦/૦૩/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૩૦/૦૩/૨૦૨૨ ના કલાક ૨૨/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે મોકલી આપેલ છે.તા.૩૦/૦૩/૨૦૨૨

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ વી.એ. હરકટ
(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦
(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૭૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૨૧૫ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૨૬ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૬,૪૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૭૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૫૮૦/૨૦૨૨**

નિકોલઃ (૧) અપુર્વભાઇ નટવરભાઇ પટેલ (ઉ.વ.૩૫) (રહે. ક્રિશ ગોલ્ડ રેસીડેન્સી વી.આઇ.પી.સ્કુલ સામે નિકોલ) એ તા.૩૦/૦૩/૨૦૨૨ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અપુર્વભાઇ એ મુંબઈ થી અમદાવાદ માટે make my trip થી ટીકીટ બુકીંગ કરાવેલ હતી પરંતુ કોરોના મહામારીમાં ટીકીટ કેન્સલ થતા તા.૨૩/૦૩/૨૦૨૧ ના રોજ રીફંડ મેળવવા માટે અપુર્વ પટેલના મોબાઈલમાં લીંક આવતા અપુર્વ પટેલે ટીકીટના નાણા મેળવવા લીંકમાં પ્રોસેસ કરતા નાણા ટ્રાન્સફર ન થતા અપુર્વ પટેલે ગુગલમાંથી make my trip કસ્ટમર કેર નંબર સર્ચ કરી મોબાઈલ નંબર ૯૩૩૯૦૩૫૨૮૧ ઉપર સંપર્ક કરતા તેઓએ નાણા પરત મેળવવા માટે લીંક મોકલી હતી. જે લીંક દ્વારા બેંકની માહીતી મેળવી લઈ, અપુર્વ પટેલના ખાતામાંથી રૂપિયા ૯૯,૯૯૯/- ચેનકેન મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.મુછાળ ચલાવે છે.

નિકોલઃ (૨) સતિષભાઇ નટવરભાઇ નાઇ (ઉ.વ.૩૫) (રહે. કેસર હાઇટસ, સીલ્વર હોમ્સ પાછળ શ્રીરામ ચોકની બાજુમાં નવા નરોડા) એ તા.૩૦/૦૩/૨૦૨૨ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સતિષભાઈ નાઈના પિતા નિકોલ શુકન ચાર રસ્તા ખાતે આવેલ બેંક ઓફ બરોડાના એ.ટી.એમ.સેન્ટર ખાતે પૈસા ઉપાડવા ગયા હતા ત્યારે અજાણી વ્યક્તિએ સતિષભાઈના પિતાને મદદ કરવાના બહાને પીન નંબર જાણી લઈ તા.૦૨/૧૦/૨૦૨૧ અગાઉથી તા.૨૨/૧૦/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન ચેનકેન પ્રકારે સતિષભાઈ નાઈના પિતાના ખાતામાંથી રૂપિયા ૨,૯૫,૦૦૦/- ઉપાડી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.મુછાળ ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૫૮૧/૨૦૨૨**

ઓઢવઃ શિવપ્યારીબહેન વા/ઓ જગન્નાથસિંગ ચૌહાણ (ઉ.વ.૬૦) (રહે. જલદર્શન પાર્ક સોસાયટી કે.પી.હાઇટ્સ સામે અંબિકાનગર ઓઢવ) એ તા.૩૦/૦૩/૨૦૨૨ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પુરૂષ શિવપ્યારીબહેન ચૌહાણના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ શિવપ્યારીબહેન ચૌહાણે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.પાંડોર ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૫૮૨/૨૦૨૨**

રાણીપઃ કાન્તાબહેન વા/ઓ વિનોદભાઇ પંચાલ (ઉ.વ.૬૯) (રહે. ઉમિયાકૃપા સોસાયટી નવનિર્માણ સ્કુલ પાસે રાણીપ) તા.૨૮/૦૩/૨૦૨૨ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે રાણીપ એસ.ટી.બસ ડેપો સામેથી શટલ ઓટોરીક્ષામાં બેસી રાણીપ ગામ ત્રણ રસ્તા સુધીની શટલ ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરિક્ષા ચાલકની મદદગારીથી ઓટોરીક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ કાંતાબહેનની નજર ચુકવી તેમના પર્સમાંથી સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૩૦,૦૦૦/-, સોનાના પડવાળી પ્લાસ્ટીકની ચુડીઓ નંગ-૨ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-, સોનાનો દોરો પેડલ સાથે કિંમત રૂપિયા ૩૭,૫૦૦/- અને રોકડ રૂપિયા ૩,૫૩૦/- મળી કુલ રૂપિયા ૮૬,૦૩૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ કાન્તાબહેન પંચાલે તા.૩૦/૦૩/૨૦૨૨ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.જી.સોલંકી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.